The News Letter From **CRC Saroda** CRC Code:2416010010

# Right Choise ®

*Sharing ideas and practices for enriching human beings through excellence in Primary Education*

માસ : જુલાઈ ૨૦૧૩ અંક: ૨

CRC Saroda




# સી.આર.સી. સરોડા

પોતાને મનુષ્ય બનાવવાનો પ્રયત્ન કરો,જો એમાં સફળ થઇ ગયા તો દરેક કામમાં સફળતા મળશે.

-શ્રી રામ શર્મા આચાર્ય

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

# Editorial


આ અંક માં......

Editorial(તંત્રી સ્થાનેથી....)

શૈક્ષણિક પ્રવૃત્તિઓ....

Events Day-1

Events Day-2

Tech-Knowledge

For Your Knowledge

About જ્ઞાનપત્ર



The articles in this magazine are neither created nor reviewed by us.Rightchoise will not be responsible for any kind of misuse of information given here.



Volume:1 | Issue:2

Pub ID: RC2JLY13

crc.khd.balasinor.saroda@gmail.com



All rights reserved


## શિક્ષણ દ્વારા બાળ માનસનો વિકાસ

Dream | Believe | Achieve

‘Right Choise’ જ્ઞાનપત્રની બીજી પ્રત આપના હાથમાં આવ્યાં બાદ મને વિશાળ વાચક વર્ગના બહુવિધ પ્રતિભાવો અને સુચનો પ્રાપ્ત થતા રહે છે. એક જિજ્ઞાસુએ પોતાના પ્રતિભાવમાં પ્રકાશન શા માટે તેવો પણ પરોક્ષ સવાલ મુક્યો છે! આખરે આપણે અને ખાસ કરીને મને પણ થાય કે આ જ્ઞાનપત્ર ખરેખર શા માટે આપણે પ્રકાશિત કરીએ છીએ તે આપણા દરેકના મન અને વિચારથી સ્પષ્ટ હોવું જોઈએ.

આખરે આપણી જહેમત શિક્ષણ સુધારણાની છે કે સમાજસુધારણાની તે આપને સૌએ વિચારવું જ રહ્યું. યુગ પ્રવર્તક અને શિક્ષણના પાયાના જ્યોર્તિધર **મહર્ષિ દયાનંદ સરસ્વતી**એ શિક્ષણ માટે સંસ્કારને મૂળગત જરૂરિયાત ગણાવી છે. સંસ્કારનું મૂળ બાળકના ઉછેર સાથે જોડાયેલી વણતૂટેલી બાબત છે. આ બાળકના ઉછેર અને તેની માવજત જો સંભાળ પૂર્વક થાય તો ઉચ્ચ શિક્ષણનું એક ધ્યેય **‘ઉત્કૃષ્ઠ માનવીનું નિર્માણ’** પહેલીથીજ પૂર્ણ થઇ શકે એટલે જ રામાયણમાં સંત તુલસીદાસે બાળક માટે **इष्ट देव मम बालक रामा** કહીને બાળ ઉપેક્ષાની માનસિકતામાંથી બહાર આવવા બાળકને કેટલું ઉચું સ્થાન આપવાનો નિર્દેશ કરેલો છે.

આપણી શાળાઓમાં વર્ષના અનુગામી વિકાસશીલ દિવસોમાટે થયેલા કન્યા કેળવણી અને પ્રવેશોત્સવની આશાભરી ઉજવણી બાદ આપણે પુન: આપણા ધ્યેયશીલ કાર્યોને પામવા માટે કટીબદ્ધ બની કામે લાગી જઈએ. **Right_Choise** ના માધ્યમે આપણા સૌના કાર્યોની ગર્વભરી ગાથા પરસ્પર પહોચી રહી છે તે પ્રકાશનનો હેતુ સાર્થક કરતી બાબત છે. શિક્ષણના પ્રવાહમાં આગળ વધતાં આપણાં ગયા શૈક્ષણિક વર્ષમાં અધ્યાપનની જહેમત ઉઠાવતા સૌ કોઈને પુન: ધન્યવાદ.

વર્ગકાર્ય સાથે સમાજ ઘડતરની અપેક્ષાઓ સહ....

*“Be The Best Of Whatever You Are”*





Jigar M Patel

CRC Co. Saroda

Balasinor


"I think, therefore, I am." - Descartes

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ...

નવા શૈક્ષણિક સત્ર ૨૦૧૩-૧૪ ના પ્રારંભે દરેક વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું .કન્યા-કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવ વર્ષ ૨૦૧૩ ના સફળ આયોજન અર્થે કલસ્ટર રિસોર્સ સેન્ટર સરોડા ખાતે તારીખ ૧૧ જુન ૨૦૧૩ ને સવારે ૮:૩૦ કલાકે ૧૪ શાળાઓના આચાર્યોની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૧૪ જુન ૨૦૧૩ ના રોજ ડખરિયા,કરણપુર તથા સરોડા અને ૧૫ જુન ૨૦૧૩ ના રોજ ફેલસાણી મુકામે પ્રવેશોત્સવ યોજાયો. આ અંતર્ગત શ્રી . એલ .આર.ડામોર સાહેબશ્રી પ્રાંત અધિકારી,બાલાસિનોર મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.મુખ્ય મહેમાનોના સ્વાગત બાદ મનુષ્ય ગૌરવ ગીત " મનુષ્ય તું બડા મહાન હૈ...." ગાવામાં આવ્યું હતું. શાળાઓના વિદ્યાર્થીઓએ યોગ કર્યા હતા.પ્રવેશપાત્ર બાળકોની પ્રવેશવિધિ બાદ આંગણવાડીના બાળકોને રમકડા આપવામાં આવ્યા હતા.ત્યારબાદ મુખ્યમહેમાન દ્વારા ધોરણ ૩ થી ૮ ના પ્રથમ ક્રમાંક મેળવનાર બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળા વ્યવસ્થાપન કમિટીના એક સભ્યના વક્તવ્ય બાદ શ્રી ડામોર સાહેબે વક્તવ્ય આપ્યું હતું.અંતમાં વિદ્યાર્થી દ્વારાઆભારવિધિ બાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમોમાં શાળાના આચાર્ય મિત્રો, શિક્ષક મિત્રો ,વિદ્યાર્થીઓ તથા વાલી મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર માનું છું.

ઉંચાઈ સર કરવા પહેલું ડગલું—ભણતર

ગુજરાત જ્યાં જીંદગી ઉત્સવ છે. અને પ્રવેશ પણ એક ઉત્સવ છે.

પ્રવેશોત્સવ ૨૦૧૩-નથી ખોલતા ફક્ત શાળાના દરવાજા
એ તો ઉઘાડે છે જ્ઞાનનાં દ્વાર....

ગુજરાતના ભવિષ્ય સાથે ૩ અત્યંત સંતોષકારક દિવસો




All Rights reserved @ RightChoise © 2013

# Events

મુખ્ય શિક્ષકોની મીટીંગ.....






કાર્યક્રમની આતુરતાપૂર્વક રાહ જોતા બાળકો






કાર્યક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીઓ

# Events Day-1

વક્તવ્ય આપી રહેલ મુખ્ય મહેમાન શ્રી






નવા બાળકોની પ્રવેશવિધિ

વૃક્ષારોપણ કાર્યક્રમ









## Events Day-2









વધુ ફોટા જોવા માટે ક્લિક કરો http://rightchoise.blogspot.in/

## Tech-Knowledge 1

ગૂગલ વોઈસ સર્ચ:

ખુબ જ જાણીતા અને લોકપ્રિય તેમજ ઈન્ટરનેટનો પર્યાય બની ચુકેલા સર્ચ એન્જીન ગુગલ દ્વારા **Google Voice Search** સેવા બહાર પાડવામાં આવી છે. આ દ્વારા હવે આપ લખ્યા સિવાય બોલીને સેકન્ડથી પણ ઓછા સમયમાં માહિતી શોધી શકો છો.**Google Voice(Talk)** ની મદદથી દુનિયામાં રહેલી કોઈ પણ વ્યક્તિ સાથે આપણે બિલકુલ મફતમાં વાત કરી શકીએ છીએ.જો આપ આ સર્વિસનો ઉપયોગ કરી રહ્યા હો તો જોડાઈ જાવ મારી સાથે પણ crc.khd.balasinor.saroda@gmail.com.પણ હજી આ સેવા અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. ગુજરાતી તથા હિન્દી માટે થોડી રાહ જોવી જ રહી.

# For Your Knowledge

- ચિત્તો દુનિયાનું સૌથી ઝડપી પ્રાણી છે. જેની ઝડપ કલાકની 70 માઈલ એટલે કે 113 કિ.મી.ની છે.
- સ્નો લેપર્ડના પાછલા પગના સ્નાયુ એટલા લાંબા છે કે તે એક કૂદકામાં પોતાના શરીર કરતા સાત ગણો લાંબો કૂદકો  મારી શકે છે.
- જેવી રીતે બે મનુષ્યની આંગળીઓનાં ચિન્હો એક સરખા નથી હોતા તેવી રીતે બે વાઘ ઊપરની લીટીઓના નિશાન સરખા નથી હોતા.
- જંગલમાં સિંહનું અયુષ્ય 12 થી 15 વર્ષનું હોય છે જ્યારે માનવ વસ્તિમાં તેનું આયુષ્ય 25 વર્ષનું હોય છે.
- પહાડી સિંહ અને દીપડો પોતાનો શિકાર સાથે વહેંચીને ખાય છે.
- સૂર્યનો પ્રકાશ પૃથ્વી આસપાસ એક સેકન્ડમાં 1,86,000 માઈલની ઝડપે ફેલાય છે.
- સૂર્યના પ્રકાશને પૃથ્વી પર આવતા 8 મિનિટ અને 17 સેકંડ લાગે છે.
- પૃથ્વી તેની ધરી પર કલાકના 1,000 માઈલની ઝડપે ફરે છે જ્યારે અવકાશમાં તે કલાકના 67,000 માઈલની ગતિએ ફરે છે.
- પૃથ્વી પર દરેક સેકન્ડ પર થતા જનમતા માનવીના ફક્ત 10% જ જીવીત રહે છે.
- દર વર્ષે પૃથ્વી પર 1 લાખ ધરતીકંપ થાય છે.
- પૃથ્વી, તારા, સૂરજ બધાં જ 4,56 અબજ વર્ષો જૂના છે.
- દરેક સેકંડે લગભગ 100 વાર વીજળી પૃથ્વી પર ત્રાટકે છે.
- વીજળીથી દર વર્ષે દુનિયામાં લગભગ 1,000 માનવીઓનું મૃત્યુ થાય છે.

## About “જ્ઞાનપત્ર”

**RightChoise** જ્ઞાનપત્ર હવેથી દરેક માસની ૧ થી ૫ તારીખ સુધીમાં પ્રકાશિત થશે.

આ જ્ઞાનપત્રમાં **Tech-Knowledge** અને For Your Knowledge નામનો એક નવો વિભાગ શરુ કરેલ છે. જેનો હેતુ બાળક આજની ટેકનોલોજીથી માહિતગાર થાય તે છે.આવતા અંકમાં હજી થોડી માહિતી સાથે આપણે મળીશું.

શિક્ષકમિત્રોને જણાવવાનું કે આવતા અંકથી **“Innovators”** નામનો નવો વિભાગ શરુ કરવાનો છે.આપની શાળામાં રહેલ આવા બાળકનું નામ ,ફોટોગ્રાફ,વિશેષતા ૧૫ જુલાઈ પહેલા ઈ-મેઈલ કે રૂબરૂ પહોંચતું કરશો.

E-જ્ઞાનપત્ર મેળવવા માટે **ON E-gyanpatra to (your)E-mail ID** લખી **8460849675** પર મોકલી આપશો.

શાળાઓના આચાર્ય મિત્રો તથા શિક્ષક મિત્રો તરફથી લેખ, ફોટોગ્રાફ્સ તથા સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## The Editorial Team

CRC Saroda

Saroda | Karanpur | Dakhariya | Fefariya | Bhathiji na muvada | Bhogiya Kinari | Verasa | Felsani |Gajapagi Na Muvada Rajanpur | Garasiya Na Muvada | Vachla Muvada |Upadiya | Kanera

To,

____________________________________

____________________________________

____________________________________

PIN:_____________

જીગર એમ.પટેલ

સી.આર.સી. સરોડા

તાલુકો:બાલાસિનોર

જીલ્લો:ખેડા

*You are Always Welcome to ........*

Cluster Resource Center, Saroda

Saroda Village,Balasinor Di:Kheda (Gujarat)

+91-9979146176 | http://crcsaroda.tk | http://rightchoise.blogspot.in

Send us your feedback on

crc.khd.balasinor.saroda@gmail.com